સીટીએન્જીનીયર વિભાગ
બીજો માળ,ભાવનગર મહાનગરપાલિકાની કચેરી,
સર મંગળ સિંહજી રોડ,ભાવનગર.
Phone : (0278)2511605 Email : city.bmc@gmail.com

સી.ઈ.જા.નં. ૨૩
૨૮/૪/૧૫

તા.૨૮ /૦૪/૧૫

## ::દફતરી હુકમ::

મહાનગરપાલિકામાં વહીવટી પ્રક્રિયા સરળ અને ઝડપી થઈ શકે તે માટે અધિકારીઓની અઠવાડીક બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ તથા આ બાબતે દરેક વિભાગને સરળીકરણ કરવા અંગેના સુચનો આપવા જણાવેલ હતું.આ સંદર્ભમાં માન.સંસદસભ્યશ્રીની ગ્રાન્ટના કામો તથા માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો ઝડપથી હાથ ધરી શકાય તે અંગે વિચારણા કરવામાં આવેલ. માન.સંસદસભ્યશ્રીની ગ્રાન્ટના કામો તથા માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામોની વહીવટી મંજુરી જિલ્લા આયોજન કચેરી તરફથી આપવામાં આવે છે.વહિવટી મંજુરી મળ્યા બાદ કામો ઝડપથી હાથ ધરી શકાય તે હેતુથી ખર્ચની મંજુરી માટે નીચેની વિગતે સત્તા સોંપણીનો હુકમ કરવામાં આવે છે.

(૧)માન.સંસદસભ્યશ્રીની ગ્રાન્ટના કામો તથા માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામોની જિલ્લા આયોજન કચેરી તરફથી આપવામાં આવેલ વહીવટી મંજુરીની રકમની મર્યાદામાં રૂા. ૩.૦ લાખ(રૂા.ત્રણ લાખ) સુધીના કામોની ખર્ચની મંજુરી આપવાની સત્તા ખાતા અધિકારીને આપવામાં આવે છે.

(૨)માન.સંસદસભ્યશ્રીની ગ્રાન્ટના કામો તથા માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામોની જિલ્લા આયોજન કચેરી તરફથી આપવામાં આવેલ વહીવટી મંજુરીની રકમની મર્યાદામાં રૂા. ૩.૦ લાખ (રૂા.ત્રણ લાખ) થી વધુ અને રૂા.૫.૦ લાખ(રૂા.પાંચ લાખ) સુધીના કામોની ખર્ચની મંજુરી આપવાની સત્તા નિયંત્રણ અધિકારીને આપવામાં આવે છે.

ઉકત સત્તા સોંપણીનો હુકમ માન.સંસદસભ્યશ્રીની ગ્રાન્ટના કામો તથા માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટના કામો પુરતોજ કરવામાં આવેલ છે. આ હુકમથી આપવામાં આવેલ ખર્ચની મંજુરીની સત્તાને ક્રમાંક/મહેકમ/૫/જનજાનં.–૧૯૨૫,તારીખ ૧૨ /૦૪/૧૫ ના હુકમનો બાધ રહેશે નહી.

કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ સવિનય રવાના:(૧) માન.મેયરશ્રી
(૨)માન.ચેરમેનશ્રી,સ્ટે.ક.

નકલ રવાના: .................. વિભાગ